ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**ગુજરાત યુનિવર્સિટી**

**GUJARAT UNIVERSITY**

**( NAAC Accredited B ++ )**

**www.gujaratuniversity.org.in**

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૨-અ/B.Ed./ ૩૮૩૫૮ /૨૦૧૪** **તા. ૨૪-૧૨-૨૦૧૪**

**પરિપત્ર નં. ૩૩૪**

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓ,

**વિષય : B.Ed. સેમેસ્ટર-૧ વિદ્યાર્થીઓના આંતરિક ગુણ જમા કરાવવા બાબતે.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, નવેમ્બર-૨૦૧૪ દરમિયાન લેવાયેલ બી.એડ્. સેમેસ્ટર-૧ (રેગ્યુલર તથા રીપિટર)નાં વિદ્યાર્થીઓનાં આંતરિક ગુણ યુનિવર્સિટી ખાતે online submission કરાવવા અંગે વિદ્યાર્થીઓનાં બેઠક નંબર સાથેની માહિતી આપને યુનિવર્સિટી દ્વારા ફાળવેલ ઇમેઈલ પર મોકલી આપવામાં આવેલ છે.

આપની કૉલેજમાં ચાલતા બી.એડ્. અભ્યાસક્રમનાં સેમેસ્ટર-૧નાં તમામ વિદ્યાર્થીઓની માહિતી એકસાથે એક ફાઈલમાં તૈયાર કરી તેની ખરાઈ કરાવીને યુનિવર્સિટીને imes_sem.mdb fileને zip કરીને email સાથે બિડાણ કરી exam_dept@gujaratuniversity.ac.in પર નિયત સમયમર્યાદામાં મોકલી આપવા વિનંતી છે. અને આંતરિક ગુણની એક હાર્ડ કોપી પણ મોકલવાની રહેશે **આંતરિક ગુણ યુનિવર્સિટીને મોકલ્યા બાદ પાછળથી કોઈપણ સુધારો કરવામાં આવશે નહીં. જેથી ખૂબજ કાળજી અને ચોકસાઈપૂર્વક આંતરિક ગુણ દાખલ થાય તે જોવા વિનંતી છે. તેમજ આંતરિક ગુણની એક નકલ કૉલેજના નોટિસ બોર્ડ પર અવશ્ય મુકવાની રાખશો.**

**વિદ્યાર્થીઓનાં આંતરિક ગુણ online તથા હાર્ડ કોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની છેલ્લી તા. ૫-૧-૨૦૧૫ નિયત કરવામાં આવેલ છે. સમયસર આંતરિક ગુણ મળવાના અભાવે જે તે પરીક્ષાનું પરિણામ તે કૉલેજના વિદ્યાર્થીઓનું પરિણામ અનામત રાખી જાહેર કરવામાં આવશે. તા. ૫-૧-૨૦૧૫ નિયત કરેલ તારીખ બાદ કૉલેજ દ્વારા મોકલેલ આંતરિક ગુણ સ્વીકારવામાં આવશે નહીં. તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેની ગંભીર નોંધ લેવા વિનંતી છે.**

આંતરિક ગુણ online submission કરો તે વખતે કૉલેજનો કોડ અને કૉલેજનું નામ અવશ્ય દર્શાવવું તેમજ આ માહિતી કેટલાક ટેકનિકલ કારણોસર પહોંચતી નથી અથવા શોર્ટ કટ હોય છે અથવા નિયત ફોર્મેટમાં હોતી નથી અથવા ફાઈલ ખુલતી હોતી નથી જેના કારણે પરિણામ જાહેર કરવામાં અસહ્ય વિલંબ થાય છે. જેથી આપને વિનંતી કરવામાં આવે છે કે **આપના તરફથી online submission કર્યા બાદ યુનિવર્સિટી ખાતે ફોન નં. (૦૭૯) ૬૫૪૪૩૨૩૭ પર જરૂરી ડેટા અને ફોર્મેટમાં માહિતી મળેલ છે કે કેમ ? તે બાબતની ખરાઈ અવશ્ય કરી લેવી.**

Sd/-
કા. પરીક્ષા નિયામક

F:\Dipak\Paripatra.pmd